# ૧૦.૧૧ તીર્થંકર પરમાત્માના પંચ કલ્યાણકોનું રહસ્ય

તીર્થંકર ભગવંતોના જીવનના પાંચ વિશિષ્ટ કલ્યાણક પ્રસંગો જગતભરના જીવોને માટે પરમ આનંદકારી ને મહામંગલકારી હોવાથી પરમકલ્યાણકારી છે.

દરેક કલ્યાણકના પ્રસંગે ઈન્દ્રોનાં આસનો કંપિત થાય છે. અવધિજ્ઞાનથી જાણી, ઈંદ્ર મહારાજા આનંદવિભોર બને છે અને ભગવાન જે દિશામાં હોય તે દિશા તરફ, સિંહાસન ઉપરની ઉઠી, સાત આઠ પગલાં આગળ જઈ, શક્રસ્ત્વ દ્વારા પ્રભુજીને સ્તવે છે અને શાશ્વતા આઠમા નંદીશ્વરદ્વીપે જઈ ભક્તિ સભર હૈયે અષ્ટાહ્નિકા મહોત્સવ ઉજવવાપૂર્વક પ્રભુભક્તિનો અણમોલ લ્હાવો ઉઠાવે છે. સ્વર્ગલોક, મૃત્યુલોક અને પાતાલલોકમાં યાને ત્રિભુવન મધ્યે સર્વત્ર આનંદ-પ્રમોદ અને હર્ષની હેલિઓ વર્ષે છે. અરે ! નરકાવાસોમાં રહેલા નારકીના જીવો પણ ક્ષણભર પોતાના દુઃખ ભૂલી જઈને સુખનો અનુભવ કરે છે અને દરેક તીર્થંકરના કલ્યાણક પ્રસંગે આવું બધું જ બને છે. આ પાંચે કલ્યાણક ભવ્ય જીવોના ભવભ્રમણનું નિવારણ કરનારાં થાઓ !

૧. **ચ્યવન કલ્યાણક :** દેવલોકમાંથી ચ્વીને તીર્થંકર ભગવાનનો જીવ રત્નકુક્ષિણી માતાના ગર્ભમાં આવે છે તેને ચ્યવન કલ્યાણક કહેવાય છે.

૨. **જન્મ કલ્યાણક :** તીર્થંકર પરમાત્માનો જન્મ, સ્વપરના જન્મને અજન્મા બનાવે છે તેના પ્રતાપે પ્રભુજન્મના સમયે ત્રણ લોકમાં સર્વત્ર પ્રકાશ પ્રસરે છે અને ગાઢ અંધકારમય નરકાવાસોમાં પણ અજવાળાં થાય છે. જ્યોતિષચક્ર ઉચ્ચ સ્થાનેહોય છે દિશાઓ ઉજ્જવળ બને છે. જનપદવાસી લોકો આનંદવિભોર બને છે. છપ્પન દિક્કુમારિકાઓના આસનો કંપે છે, અને ભક્તિભાવથી પ્રસૂતિને અનુરૂપ કાર્ય કરી ભક્તિસભર હૈયે રાસ રમે છે અને પ્રભુજીનો જન્મ મહોત્સવ ઉજવે છે. ઈંદ્ર મહારાજાનું સિંહાસન પણ કમ્પાયમાન થાય છે, ઈંદ્ર પોતે અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકે છે. સિંહાસન ઉપરથી નીચે ઉતરીને અણમોલ મણિરત્ન જડિત પગની મોજડીઓનો ત્યાગ કરી, સાત-આઠ ડગલાં આગળ જઈ *'નમુત્થુણં અરિહંતાણં ભગવંતાણં'* આદિ પદો બોલી પ્રભુજીની ભાવથી સ્તવના કરે છે. બાદ હરિણીગમેષી દેવને હુકમ ફરમાવે છે કે અમુક સ્થળે અમુક રાજાની રાણીની કુખે ત્રિલોકનાથ અવતર્યા છે.

ચરમદેહે અવતરેલા પ્રભુની ભક્તિ કરવી એ આપણા માટે કલ્યાણકારિણી કરણી છે, માટે તમામ વિમાનવાસી દેવ-દેવીઓને જાણ કરો કે ત્રિલોકના નાથનો અમુક સ્થળે જન્મ થયો છે તે જન્મ મહોત્સવ ઉજવવા માટે સૌ તૈયાર થાઓ, બાદ હરિણીગમેષી દેવ ઘણા દેવો સહિત સંદેશવાહક યંત્ર તુલ્ય સુઘોષાઘંટા વગાડે છે. હજારો યોજનો દૂર રહેલા વિમાનોના ઘંટાઓમાં તે નાદ ઉતરે છે. સૌ શાંત ચિત્તે સાંભળે છે અને સૌ તૈયાર થઈ, વિમાન દ્વારા મેરૂગિરિરાજ ઉપર આવે છે. અને આ બાજુ ઈંદ્ર મહારાજા પ્રભુજીના જન્મ સ્થળે આવી, પ્રભુસહિત માતાને વંદના કરી, અવસ્વાપિની વિદ્યાથી માતાને નિંદ્રાધીન બનાવી, માતાજીને દુઃખ ન થાય, તે રીતે પ્રભુજીને ઈંદ્ર મહારાજા પોતે હાથમાં લે છે. પાંચ રૂપે લઈને મેરૂગિરિ શિખરે જઈ જન્મભિષેક દ્વારા ભક્તિ કરે છે. બાદમાં નંદીશ્વર દ્વીપે જઈ, અષ્ટાહ્નિકા મહોત્સવ ઉજવે છે. ત્યાં વિવિધ રીતે પ્રભુ ભક્તિ કરી કૃતકૃત્ય બને છે. પ્રભુજી જન્મે ત્યારે પશુ-પંખીઓ પણ જય જયારવ કરે છે. સુકાળના સુખદ સુગંધી વાયરા વાય છે. પૃથ્વી ઉપર ધાન્યાદિના સુંદર પાકો નિપજે છે. લોકો ઓચ્છવો મહોત્સવો ઉજવે છે અને સર્વત્ર આનંદનું વાતાવરણ સર્જાય છે. નારકીના તેમજ નિગોદના ને સ્થાવરોના જીવો પણ સુખદ લહરીનો અનુભવ કરે છે અને આ છે પ્રભુજીના જન્મકલ્યાણકની ઝગમગતી જ્યોતિ !

૩. **દીક્ષા કલ્યાણક :** દીક્ષા મુક્તિપુરીમાં પહોંચાડનારી રીક્ષા છે. ત્રણે કાળમાં દીક્ષાની શિક્ષા વિના યાને ભાવચારિત્રની સ્પર્શના વિના કોઈનો પણ મોક્ષ થયો નથી, થતો નથી, અને થશે પણ નહિ.

પ્રભુજી પણ આત્માના ઉદ્ધારને કલ્યાણને અર્થે જ સર્વસાવદ્યના ત્યાગમાર્ગને સર્વવિરતિરૂપ પવિત્ર ચારિત્રને ગ્રહણ કરે છે. ચારિત્રજીવન સ્વીકારતાં પહેલાં તેઓ માનવ જગતને ત્યાગથી જ જીવન બડભાગી બને છે તેવું સમજાવવાની પૂર્વ ભૂમિકા રૂપે બાર બાર મહિના સુધી વર્ષીદાનનો વરસાદ વરસાવે છે અને રોજના એક કરોડને આઠ લાખ સોનૈયાનું દાન કરે છે. તેમાં તેઓશ્રી ૩ અબજ ૮૮ કરોડ અને ૮૦ લાખ સોનૈયાનું દાખ કરે છે. સૌને ભેદભાવ વિના, છૂટે હાથે મોં માગ્યું દાન આપે છે અને મોહ ત્યાગનો અજોડ દાખલો વિશ્વના ચોકમાં પ્રચારે છે. વિશ્વ કલ્યાણની, કમનીય કામનાથી વિપુલ રાજઋદ્ધિ રાજરમણીને રાજવૈભવોનો સહર્ષ ત્યાગ કરે છે. દેવો-ઈન્દ્રોને માનવો, પ્રભુજી મહાત્યાગનો મહામહિમા ઉજવવા દીક્ષા કલ્યાણકનો મહામહોત્સવ ઉજવે છે. અલંકાર અને આભૂષણોથી ભૂષિત પ્રભુજીનો દીક્ષાનો દિવ્ય અને દબદબાભર્યો વરઘોડો કાઢે છે. દીક્ષા લેવાના સ્થળે વરઘોડો ઉતરે છે. ત્યાં પ્રભુ સ્વયં બધા અલંકારોને, આભૂષણોને સહર્ષ ઉતારે છે. સાપ જેમ કાચળી ઉતારે તેમ તમામનો ત્યાગ કરે છે. સ્વયં પંચ લોચ કરે છે બાદ પ્રભુ 'નમો સિદ્ધાણં' કહી સર્વસાવદ્યના ત્યાગરૂપ સર્વ વિરતિ દંડક ઉચ્ચારે છે ત્યારે પ્રભુજીને ચોથું મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થાય છે. ઈન્દ્ર મહારાજા પ્રભુજીએ સ્કંધે દેવદુષ્ય-દિવ્ય વસ્ત્ર અર્પણ કરે છે, અને આ છે દીક્ષા કલ્યાણકની દિવ્ય ઉજવણી !

૪. **કેવળજ્ઞાન કલ્યાણક :** છદ્મસ્થ અવસ્થામાં ઘોર તપો તપી, પરિષહોને અદીનભાવે સમતાથી સહી, પ્રભુ ચાર ઘાતિ કર્મ ખપાવી કેવળજ્ઞાન પામે છે, ત્યારે પ્રભુજી છદ્મસ્થાવસ્થા વટાવી વીતરાગ અવસ્થાને પામે છે. લોકાલોક પ્રકાશક કેવળજ્ઞાનની દિવ્યજ્યોતથી ત્રણે લોકના, ત્રણે કાળના સકલ પદાર્થોને સ્વપર પર્યાયથી સંપૂર્ણપણે જાણે છે, દેખે છે. આ પ્રભુની વાણી ૩૫ ગુણથી યુક્ત હોય છે. આઠ પ્રાતિહાર્ય પ્રગટ થાય છે. પ્રભુજી ૩૪ અતિશયથી અલંકૃત બને છે. તેમના દેહનાં લોહી, માંસ ગાયના દૂધ જેવાં ઉજ્જવળ ને સફેદ હોય છે. તેમના આહાર-વિહારને ચર્મચક્ષુવાળા જોઈ શકતા નથી. તેમના શ્વાસોચ્છવાસ અતિસુગંધી ને સુંદર હોય છે. તેમને કદી પરસેવો થતો નથી. પ્રભુજી જ્યાં વિચરે ત્યાં સવાસો યોજન સુધી ચોગરદમ મારી-મરકી-દુકાળ-ઈતિ-ભીતિ-સવચક્ર ભય-પરચક્રભય વગેરે પ્રવર્તતા નથી. દેવનિર્મિત સમવસરણમાં અશોક વૃક્ષ નીચે રત્નજડિત સુવર્ણમય સિંહાસન ઉપર બિરાજી પ્રભુજી ચારગતિ નિવારક ચતુર્મુખે ચાર પ્રકારના ધર્મનો ઉપદેશ આપે છે. પ્રભુજી પ્રાકૃત ભાષામાં માલકોષ રાગમાં અમૃતથી પણ અધિક મધુરતા ભરી વાણીથી, ભવ્ય જીવોને બોધ આપે છે. જગતના કલ્યાણ માટે તીર્થની, ગણધરોની ને ચતુર્વિધ શ્રી સંઘરૂપ તીર્થની સ્થાપના કરી, તીર્થંકરપણાને સાર્થક કરે છે. આવા કેવળજ્ઞાન-કલ્યાણકની કમનીય ઉજવણી આપણા અજ્ઞાન આવરણોને દૂર કરી આપણામાં લોકાલોક પ્રકાશક જ્યોતિને પ્રગટ કરે છે !

૫. **નિર્વાણક કલ્યાણક :** પ્રભુજીને કેવળજ્ઞાન થયા પછી ચારગતિ નિવારક ચતુર્મુખે ચાર પ્રકારના ધર્મનો ઉપદેશ આપે છે અને બાકી રહેલા ચાર અઘાતિ કર્મ ખપાવીને, પ્રભુજી જે સ્થળે નિર્વાણ પામે છે તે સ્થળ નિર્વાણ કલ્યાણક સ્થળ તરીકે ઓળખાય છે.

પરમ તારક દેવાધિદેવ શ્રી જિનેશ્વર પરમાત્માના પાંચે કલ્યાણકો અનુક્રમે ૩૨ લાખ તથા ૨૮ લાખ દેવવિમાનોના અધિપતિ મહાસમૃદ્ધિશાળી ક્રોડો દેવદેવીઓના પરિવારથી સેવાતા અખૂટ વૈભવશાળી એવા શ્રી સૌધર્મેન્દ્ર આદિ ૬૪ ઈન્દ્ર મહારાજાઓ, અને ક્રોડો દેવદેવીઓએ સપરિવારે અપૂર્વ સામગ્રીથી, દત્તચિત્તે, પરમ હર્ષોલ્લાસપૂર્વક જે રીતે ઉજવ્યા હતા તેવી જ રીતે આપણે પણ શક્ય એટલી ઉત્તમોત્તમ સામગ્રી પૂર્વક સમુદ્રની ભરતીની માફક, ઉત્તરોત્તર ચઢતા પરિણામે પરમ તારક શ્રી જિનેશ્વર પરમાત્માના ચ્યવન, જન્મ, દિક્ષા, કેવળજ્ઞાન તથા મોક્ષરૂપ પાંચે કલ્યાણકોની અત્યંત બહુમાનપૂર્વક ઉજવણી કરી, આપણો આત્મા શ્રી જિનેશ્વર પરમાત્માની ભક્તિમાં ક્ષીર-નીરની માફક ઓતપ્રોત બની જાય તો પરમતારક એવું શ્રી તીર્થંકર નામકર્મ પણ બાંધી શકે છે.

શ્રી પંચકલ્યાણકોની ઉજવણી સબહુમાન કરનારના ગમે તેવા અંતરાયકર્મો, વિઘ્નો, આધિવ્યાધિ-ઉપાધિ વગેરે દૂર થઈ જાય છે અને મહાન પુણ્યાનુબંધી પુણ્ય ઉત્પન્ન થવાથી ઉત્તરોત્તર વિશિષ્ટ ધર્મ સામગ્રી પ્રાપ્ત થવાથી આત્મા થોડા જ ભવોમાં અનંત આવ્યાબાધ એવા મોક્ષ સુખનો અધિકારી બની શકે છે.

આ સાથેના કોઠામાં ૨૪ તીર્થંકરોના થયેલા પંચ કલ્યાણકના સ્થળો આપવામાં આવેલ છે અને તે સ્થળો બહુ જ પવિત્ર અને પાવનકારી માનવામાં આવે છે.

**પરમાત્માના કલ્યાણક-આરાધના-વિધિ**

**તપ :** જ્યારે એક કલ્યાણક હોય ત્યારે એકાસણું કરવું. બે કલ્યાણક હોય ત્યારે આયંબિલ કરવું. ત્રણ કલ્યાણક હોય ત્યારે એકાસણું અને આયંબિલ કરવું. ચાર કલ્યાણક હોય ત્યારે ઉપવાસ કરવો અને પાંચ કલ્યાણક હોય ત્યારે ઉપવાસ અને એકાસણું કરવું.

**જપ :** ૨૦ નવકારવાળી નીચે પ્રમાણે ગણવી. જે પ્રભુનું કલ્યાણક હોય તે પ્રભુજીનું નામ જપના પદમાં જોડવું.

૧. ચ્યવન કલ્યાણકે ૐ હ્રીં શ્રી.....પરમેષ્ઠિને નમઃ

૨. જન્મ કલ્યાણકે ૐ હ્રીં શ્રી.....અર્હતે નમઃ

૩. દીક્ષા કલ્યાણકે ૐ હ્રીં શ્રી.....નાથાય નમઃ

૪. કેવલજ્ઞાન કલ્યાણકે ૐ હ્રીં શ્રી.....સર્વજ્ઞાય નમઃ

૫. નિર્વાણ કલ્યાણકે ૐ હ્રીં શ્રી.....પારંગતાય નમઃ

**વિધી :** ૧૨ લોગ્ગસનો કાઉસગ્ગ, ૧૨ સાથીયા અને તેની ઉપર ૧૨ ફળ નૈવેદ્ય તથા ૧૨ ખમાસણા આપવા.

**ખમાસણાનો દુહો :**

*પરમ પંચ-પરમેષ્ઠિમાં, પરમેશ્વર ભગવાન, ચાર નિક્ષેપે ધ્યાઈએ, નમો નમો શ્રી જિનભાણ.*